# અંતરશુદ્ધિનાં સોપાન

## શ્રીગુરુમાઈ દ્વારા લિખિત પુસ્તકમાંથી

## ઉદ્ધરણ ૨૭

એકવાર એક યુવક કોઈ એવી સ્ત્રીનાં પ્રેમમાં પડ્યો જેને તેના પ્રત્યે પ્રેમ ન હતો. તે એવી નિરાશાજનક સ્થિતિમાં હતો કે બીજુ કંઈ વિચારી જ નહોતો શકતો. તેને કોઈપણ વસ્તુમાં આનંદ નહોતો આવતો. તે પોતાના પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. છેવટે, તેના એક મિત્રે તેને એક તાંત્રિક વિશે વાત કરી જે નગરની બહારની હદ પર રહેતો હતો. એ યુવક સીધો ત્યાં ગયો અને તાંત્રિકને મદદ માટે પ્રાર્થના કરી.

તાંત્રિકની આંખો કાળી હતી. તે એક કૃત્રિમ પ્રકાશથી ચમકતી હતી. તેણે કહ્યું, ‘‘જો તું સાચે જ ઇચ્છતો હોય કે હું તારી મદદ કરું, તો તારે મારા નિર્દેશોનું અક્ષરશઃ પાલન કરવું પડશે.’’

‘‘હું કરીશ!’’ યુવક બોલી ઊઠ્યો. ‘‘હું કંઈ પણ કરીશ! મારે ફક્ત આ ભયાનક લાગણીમાંથી બહાર નીકળવું છે.’’

તાંત્રિકે કહ્યું, ‘‘તો પછી તું ચાલીસ દિવસ સુધી એક પણ વાર પ્રાર્થના કરતો નહીં, મુશ્કેલીના સમયમાં પણ નહીં. અને કોઈપણ સંજોગોમાં ભગવાનની આજ્ઞાનું પાલન કરતો નહીં. ક્યાંય પણ કોઈના માટે સારું કામ કરતો નહીં. તદુપરાંત, તારે ભગવાનના નામનો ઉલ્લેખ કરવો નહીં અથવા કોઈપણ પ્રકારના સારા હેતુને પ્રગટ કરવો નહીં. જો તું આ નિર્દેશોનું કાળજીપૂર્વક પાલન કરીશ, તો હું થોડું ઘણું જંતરમંતર કરીને તારું લક્ષ્ય પ્રાપ્ત કરવાની યોજના બનાવી શકીશ.’’

તે યુવક સાચે જ આસક્તિના અને એકપક્ષી પ્રેમના આ રોગથી બહાર નીકળવા માગતો હતો. તેથી તેણે તે બધું જ કર્યું જે તાંત્રિકે તેને કરવા કહ્યું હતું. ચાલીસ દિવસ પછી તે પાછો એ અંધારી રહસ્યમય ઝૂંપડીમાં ગયો જ્યાં તાંત્રિક રહેતો હતો. તેની પાસે જેટલા પૈસા હતા તે બધા તાવીજ માટે આપી દીધા. પણ તાવીજ કામ ન આવ્યું.

‘‘તેં મારા નિર્દેશોનું પાલન નથી કર્યું,’’ તાંત્રિકે કડવાશપૂર્વક કહ્યું. ‘‘પાછલા ચાલીસ દિવસોમાં તારાથી કોઈ સારું કામ થયું જ છે.’’

‘‘મેં કંઈ જ નથી કર્યું!’’ યુવકે વિરોધ કર્યો. ‘‘હું સોગંદપૂર્વક કહુ છું! મેં ચાલીસ દિવસ ભગવાન વિશે નથી વિચાર્યું. મેં કોઈના માટે કોઈ સારું કામ નથી કર્યું. હું એક પણ દયાપૂર્ણ શબ્દ નથી બોલ્યો. કોઈપણ પવિત્ર કામ કરવાથી મેં મારી જાતને રોકી હતી. સારપ જેવી કોઈપણ વસ્તુથી હું દૂર ભાગતો. હું તમને સાચું કહું છું.’’

‘‘વિચાર કર, દીકરા, વિચાર કર. તે કંઈક તો કર્યું જ હશે, ફક્ત એક નાનુંસરખું કામ. નહીં તો, આ તાવીજે તારા માટે અવશ્ય કામ કર્યું હોત.’’

યુવકે માથું હલાવ્યું. તેણે ચાલીસ દિવસો વિશે ફરી વિચાર કર્યો, પરંતુ ત્યાં કંઈ જ નહોતું, એવું કંઈ જ યાદ નહોતું આવતું જે તાવીજના વશીકરણને તોડી શકે... સિવાય... અચાનક તેણે કહ્યું, ‘‘શું એ હોઈ શકે? એક દિવસ, હું કામે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં ચાલતાં ચાલતાં એક પથ્થર સાથે મારો પગ અથડાયો. અને મેં વિચાર્યું, ‘મારે આ પથ્થરને ખસેડીને એક બાજુ મૂકી દેવો જોઈએ જેથી બીજુ કોઈ આની ઠોકર ખાઈને પડે નહીં.’ ’’

‘‘આ...હા! તે એક સત્કર્મ છે!’’ તાંત્રિકે કહ્યું, અને તેનો અવાજ કડક થઈ ગયો. ‘‘એ ભગવાનનો ઉપહાસ ન કર જેના દરેક આદેશની તે ચાલીસ દિવસ સુધી ઉપેક્ષા કરી, અને તેમ છતાં તેમણે તેમની ઉદારતાને લીધે આ એક નાના સરખા કર્મને પણ વ્યર્થ ન જવા દીધું.’’

આ શબ્દોએ યુવકના હૃદયમાં આગ લગાડી દીધી. તે આગ એટલી ઊંચી ઊઠી કે તેણે એક જ ક્ષણમાં તેની જૂની આસક્તિને ભસ્મ કરી દીધી અને ભગવત્પ્રેમનું એક નવું રૂપ તેની અંદર ઝળહળવા લાગ્યું. તે ઘરે ગયો અને જે ચમત્કારે તેના જીવનને બદલી નાખ્યું હતું તેને ગુપ્ત રાખીને, પોતાનો લુહારીનો ધંધો ચાલુ રાખ્યો. દરરોજ તે એક દીનાર કમાતો હતો. દરરોજ રાત્રે, તે તેની કમાણીને ગરીબોમાં દાન કરી દેતો. પણ તેનું હૃદય તૃપ્ત હતું અને તેનો આનંદ સંપૂર્ણ હતો.

© ૨૦૨૨ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, અધ્યાય ૧૦, ‘સેવા’માંથી (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩), પૃષ્ઠ ૧૪૦-૧૪૧.